DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM

No. of Pages : 8

# Code : QDB-21
# Subject : Gujarati
## Question Paper

Max. Marks : 200

પ્ર.- ૧. ગમે તે એક વિષય પર નિબંધ લખો. **20**

(૧) જો હું ભગવાન હોઉં તો ....

(૨) સાહિત્ય અને સમાજ

(૩) આતંકવાદ: દુનિયાની સળગતી સમસ્યા

(૪) જો આજે ગાંધીજી જીવતા હોત તો ...

પ્ર.- ૨. ગમે તે બે કાવ્યપંક્તિઓનો વિષયવિસ્તાર કરો. **10**

(૧) છે માનવી જીવનની ઘટમાળ એવી;

દુ:ખપ્રધાન સુખ અલ્પ થકી ભરેલી.

(૨) ફૂલને મારગ સો કોઈ ચાલે, કંટક મારગ કોઈ.

(૩) દશા તો છે સડક જેવી, સડક ચાલી નથી શકતી,

સડકને ખૂંદનારાને સડક ઝીલી નથી શકતી.

(૪) રેલાઈ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની,

સિંધુના ઉરમાંથી તો ઊઠશે અમી વાદળી.

પ્ર.- ૩. નીચેના ફકરાનો ગુજરાતીમાં અનુવાદ કરો. **10**

Corruption is one of the major problems that India faces at present. It has spread like an epidemic across India. The person who gives bribe is equally at fault as the person who demands it. Government of India and people at large should commit themselves to free India from corruption.

પ્ર.- ૪. (અ) કૉલેજમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને અપાતી સ્કોલરશિપ મેળવવા માટે તમારી કૉલેજના આચાર્યશ્રીને અરજી કરો. **10**

અથવા

(બ) તમારા શહેરમાં યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના પુસ્તકમેળાનો અહેવાલ લખો.

P.T.O.

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM



પ્ર.- ૫. (અ) શહેરનાં જાહેર માર્ગો પર રખડતા ઢોરને કારણે ઉભી થતી સમસ્યાઓ અંગે ફરિયાદ કરતો પત્ર નગરપાલિકાને લખો. 10

અથવા

(બ) તમારા શહેરમાં ઉત્તમકક્ષાનાં ગ્રંથાલયની માંગણી કરતો પત્ર રાજ્યસરકારને લખો.

પ્ર.-૬. (અ) કૃષિક્ષેત્રે વધતી જતી સમસ્યાઓના ઉકેલ અંગે કૃષિમંત્રીએ બોલાવેલી પત્રકાર પરિષદમાં થયેલ ચર્ચાઓને સમાવતી પત્રકાર પરિષદ આલેખો. 10

અથવા

(બ) સ્વચ્છતા અભિયાન સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ બોલાવેલ પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રીશ્રીનું ઉદ્‌બોધન તૈયાર કરો.

પ્ર.- ૭. (અ) તમારો મિત્ર ભારતીય ક્રિકેટટીમમાં પસંદગી પામ્યો છે. તેને અભિનંદન આપતો પત્ર લખો. 10

અથવા

(બ) તમારો મિત્ર આગળ ભણવા વિદેશ જઈ રહ્યો છે. તેને શુભેચ્છા પાઠવતો પત્ર લખો.

પ્ર.- ૮. (અ) બદલાઈ રહેલી શિક્ષણનીતિ અંગેની માહિતી આપતું શિક્ષણ-મંત્રીશ્રીનું વર્તમાનપત્રો માટેનું નિવેદન તૈયાર કરો. 10

અથવા

(બ) ગણેશઉત્સવ નિમિત્તે મ્યુનિસિપલ કમિશ્નરનું પ્રજાજોગ નિવેદન તૈયાર કરો.

પ્ર.- ૯. (અ) સ્વાતંત્ર્ય દિવસે ધ્વજવંદન પછી શિક્ષણસંસ્થાના વડા તરીકે ભાષણ આપવાનું છે તે તૈયાર કરો. 10

અથવા

(બ) કન્યાકેળવણી માટેના કાર્યક્રમમાં હાજર રહેલા સૌને સંબોધન કરતું ભાષણ તૈયાર કરો.

પ્ર.- ૧૦. (અ) વિનયન કૉલેજોમાં સેમેસ્ટર પ્રથા હોવી જોઈએ કે નહીં તે અંગે બે વ્યક્તિ કે બે જૂથ વચ્ચે થતી ચર્ચા આલેખો. 10

અથવા

(બ) સફાઈ અને આરોગ્ય વચ્ચે સીધો સંબંધ છે તે બાબતની ચર્ચા આલેખો.

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM



પ્ર.- ૧૧. નીચેના ફકરાનું હાર્દ સચવાય તે રીતે એક તૃતીયાંશ જેટલો સંક્ષેપ કરી શીર્ષક આપો : **10**

સર્જન પાછળ કલાકારનો જો કોઈ હેતુ હોય તો તે હોવા સંભવ છે કે એ સામા માણસમાં સમ-સંવેદન માગે છે. કલાકારની કોઈ એષણા હોય તો તે એટલી જ કે કોઈ મને સમજે. પોતાના મનની વાત એ સંક્રાન્ત કરવા પ્રવૃત્ત થાય છે તે એ આશયથી કે પોતાને બીજાઓ સમજવા પ્રયત્ન કરે, અને આ માત્ર અંગત આશય નથી. કલાકારને-કવિને કલ્પનાબળે જીવનના અનુભવો સહજમાં થાય છે અને એની પાછળનું સત્ય પણ એને સહજમાં પ્રતીત થાય છે. જીવનની આ સમજણ (અથવા આપણો બીજો સુંદર શબ્દ વાપરું તો સૂઝ) જેવી પોતાને છે એવી બીજાઓને પણ પ્રગટે એવી એની હૃદયની વાંછના હોય છે. ખરું કહીએ તો, માત્ર કલાકારને જ શા સારુ ?- માણસમાત્રને આ જાતની-પોતાને કોઈ સમજે એવી એષણા હોય છે. પણ પોતાને જે સત્ય સૂઝે છે તેને સૌંદર્યમંડિત કરી અન્ય માણસમાં પહોંચાડવાની કવિ પાસે વિશિષ્ટ રીત છે અને કવિ જે સંક્રાંત કરે છે તે સામાન્ય માણસની માફક પોતાની અંગત વસ્તુઓ નહિ પણ જીવનનો સર્વગ્રાહી અનુભવસાર હોય છે એ પણ કવિની બાબતમાં બીજી વિશેષતા છે. ભાવક કવિનું કાવ્ય ગ્રહણ કરી સમસંવેદન પામી શકે ત્યારે એના આત્માની સંતૃપ્તિ પણ કવિના જેવી જ હોય છે.

— ઉમાશંકર જોશી

પ્ર.– ૧૨. નીચે આપેલ ગદ્યખંડને ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો. **10**

'આજના માનવસમાજ અને સંસ્કૃતિમાં ભાષા અતિશય મહત્વનું,ચાવીરૂપ સ્થાન ધરાવે છે. કોઈ અકસ્માતથી કે શાપથી ભાષાનું આ સાધન માનવજાતિ પાસેથી છીનવાઇ જાય તો શી દશા થાય? આપણો અરસપરસનો ઘણોબધો વ્યવહાર અટકી પડે. પુસ્તકો લખાય નહીં, આપણે વાંચી ના શકીએ, દૂર દેશ સંદેશા ન મોકલી શકાય. જ્ઞાનવિજ્ઞાન એક પેઢીથી બીજી પેઢી સુધી પંહોંચી ન શકે. ટૂંકમાં, વેપાર-ઉદ્યોગ, રાજ્યવહીવટ, શિક્ષણ, વિજ્ઞાન.... તમામ તંત્ર તૂટી પડે. ઈતિહાસનું તો અસ્તિત્વ જ ના રહે. ભાષા માનવજાતની એક વિશેષતા છે. પ્રાણીઓ પાસે આવી ભાષા નથી. ભાષાના ઉપયોગથી જ માણસે જગતના જીવોમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભાષા

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM



માનવસમાજની સરજત છે. સમાજમાં રહેવાનું એ પરિણામ છે. માણસ સમાજમાંથી ભાષા મેળવે છે. માણસ માટે ભાષા સાહજિક કે કુદરતી નથી. ભાષા કેટલી વિવિધ કામગીરીઓ બજાવે છે એવો વિચાર કરીએ ત્યારે જ સમજાશે કે એ આપણા જીવનમાં કેટલી હદે વણાયેલી છે. ભાષાની પ્રથમ કામગીરી છે પ્રત્યાયન. આપણો પરસ્પરનો સઘળો વ્યવહાર ભાષા પર જ આધારિત છે. ભાષા આપણા સામાન્ય વ્યવહાર ઉપરાંત આપણા વિચારોને પણ વ્યક્ત કરે છે.

(૧) ભાષા ન હોય તો શું થાય ?

(૨) જગતમાં અન્ય પ્રાણીઓની સરખામણીએ માણસ કઈ બાબતે વિશિષ્ટ છે ?

(૩) માણસને ભાષા ક્યાંથી મળે છે ?

(૪) ભાષાનું મુખ્ય કાર્ય શું છે ?

(૫) ધારો કે ગુજરાતી બાળકને જન્મતાની સાથે જ કલકત્તામાં, બંગાળી પરિવારમાં મોટું કરવામાં આવે તો એ બાળક કઈ ભાષા બોલતા શીખશે ?

પ્ર.– ૧૩. નીચેના ફકરાનો આશય સાદા-સરળ શબ્દોમાં સમજાવો. **10**

'પરું જોતાં માણસના વિકાસને હદ જ બાંધી ન શકાય. વૃક્ષ આકાશમાં જેટલું વિકાસ પામે તેટલું ઓછું છે. મનુષ્ય વિશે પણ એમ છે. મનુષ્યનો આદર્શ હંમેશાં અપ્રાપ્ય રહે છે. જેમ જેમ તે આગળ જશે તેમ તેમ આદર્શ પણ આગળ જશે. મનુષ્યે જીવનમાં ચાલ્યા જ કરવાનું છે. આદર્શ જ્યારે પ્રાપ્ય બને છે ત્યારે તે આદર્શ મટી જાય છે. આદર્શનું કામ માણસને દોરવાનું છે. ઈશુનો આદર્શ જુઓ. તેણે કહ્યું કે જ્યારે પ્રભુનું રાજ્ય પૃથ્વી પર અવતરશે ત્યારે માણસો એકબીજાને ચાહશે, લડાઈટંટા છોડી દેશે, એકબીજાનો દ્વેષ નહીં કરે, લોહી વહેવું બંધ થઈ જશે. લોકો તલવારના દાતરડાં કરશે, વાઘ અને બકરી એક આરે પાણી પીશે, રોગ દુઃખ મટી જશે. તે મુજબ નરસિંહ મહેતાએ વૈષ્ણવજનનો આદર્શ મૂક્યો. આપણે જોઈ શકીએ છીએ કે આ બંને આદર્શમાં વર્ણવેલી સ્થિતિ ક્યારેય પણ સંપૂર્ણતયા બનાવી શક્ય નથી. પણ એટલે એ ખોટી છે અને માટે આપણે પ્રયત્ન છોડી દેવો જોઈએ એમ નથી. એને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન તો ચાલુ જ રહે. ઊલટું આપણે એ તરફ કેટલું ચાલ્યા એની હંમેશા સરખામણી કરવાનો પ્રસંગ એ આદર્શથી મળે છે.'

– સુંદરમ

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM



પ્ર.– ૧૪. નીચે આપેલા પેટાપ્રશ્નોના માંગ્યા મુજબ જવાબ લખો :

(ક) કોઈપણ બે રૂઢિપ્રયોગનો અર્થ સમજાવી તેનો વાક્યમાં પ્રયોગ કરો. 4

(૧) કાગને ડોળે રાહ જોવી.
(૨) બોઈલર ફાટવું.
(૩) ભાંગરો વાટવો.
(૪) મેથીપાક ખાવો.

(ખ) કોઈપણ બે કહેવતોનો અર્થ આપો. 4

(૧) અક્કરમીનો પડિયો કાણો
(૨) ખોદે ઉંદરને ભોગવે ભોરિંગ
(૩) આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવું.
(૪) ઉતાવળે આંબા ન પાકે.

(ગ) (૧) સંધિ જોડો : ગમે તે બે 2

(૧) મનસ્+હર
(૨) પૂર્વ+ઉક્ત
(૩) પુત્ર+એષણા
(૪) પ્રતિ+ઉત્તર

(૨) નીચેની સંધિનો વિગ્રહ કરો : ગમે તે બે. 2

(૧) નિર્ભય
(૨) અત્યંત
(૩) પ્રત્યેક
(૪) સદૈવ

(ઘ) કોઈપણ ચાર શબ્દોની જોડણી સુધારો. 4

(૧) શિર્ષક
(૨) મુમુર્ષા
(૩) કારકીર્દી
(૪) આર્શીવાદ
(૫) પ્રતીતી
(૬) રવિન્દ્ર

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM



(ચ) કોઈપણ ત્રણ સમાસનો વિગ્રહ કરીને ઓળખાવો. **6**

(૧) ભણવું-ગણવું

(૨) હાથરૂમાલ

(૩) મુશળધાર

(૪) ચોમાસું

(૫) મૃગજળ

(૬) કાજળકાળી

(છ) (૧) ગમે તે બે ના સમાનાર્થી શબ્દ આપો. **2**

(૧) નદી

(૨) પૃથ્વી

(૩) ચાંદની

(૪) અનિલ

(૨) ગમે તે બે ના વિરુદ્ધાર્થી શબ્દ આપો. **2**

(૧) અંત

(૨) તંગી

(૩) સામુદાયિક

(૪) ક્ષણિક

(૫) તેજી

(જ) (૧) કોઈપણ એક વાક્યને કર્મણિમાં ફેરવો. **2**

(૧) આપણે આ કૂતરાને પાળી શકીએ છીએ.

(૨) તમે દાક્તરની ફરજ બજાવવાના નથી.

(૩) સરકાર દુકાળમાં રાહતકામ શરૂ કરશે.

(૨) કોઈપણ એક વાક્યને કર્તરિમાં ફેરવો. **2**

(૧) આપ વડે ભોળા લોકોની અંધશ્રદ્ધા વધી રહી છે.

(૨) સરકાર તરફથી રાહતકેન્દ્રો ખોલવામાં આવ્યા છે.

(૩) મારાથી ખવાશે નહીં.

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM



(ઝ) માગ્યા મુજબ કરો : કોઈપણ ત્રણ. **6**

(૧) 'તમારી જવાબદારી મારા પર.' (આ વાક્યને નિષેધવાક્યમાં ફેરવો.)

(૨) 'આજે વરસાદ પડ્યો નહીં.' (આ વાક્યને વિધિ વાક્યમાં ફેરવો.)

(૩) 'એ બધું જ ખાય છે.' (આ વાક્યને પ્રશ્નવાક્યમાં ફેરવો.)

(૪) 'રમેશ સાંજે ઘરે હશે.' (આ વાક્યને પ્રશ્નવાક્યમાં ફેરવો.)

(૫) 'આપણે એના વિષે વાત કરી લઈએ ?' (આ વાક્યને વિધિ વાક્યમાં ફેરવો.)

(૬) 'આ વર્ષે ચોમાસું સારું છે.' (આ વાક્યને નિષેધવાક્યમાં ફેરવો.)

(ટ) (૧) નીચેના શબ્દોમાંથી પૂર્વપ્રત્યય તારવો. (બે) **2**

(૧) અવતાર

(૨) નિર્ગમન

(૩) કમનસીબ

(૪) બદદાનત

(૨) નીચેના શબ્દોમાંથી પર પ્રત્યય તારવો. (બે) **2**

(૧) મલિન

(૨) રસિક

(૩) કુંઠિત

(૪) મધ્યમ

(ઠ) ત્રણ પંક્તિના છંદ ઓળખાવી ગણબંધારણ લખો. **6**

(૧) પુષ્પે પાને વિમલ હિમમોતી સરે તેમ છાની

(૨) વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ

(૩) ચળકાટ તારો એ જ પણ તું જ ખૂનની તલવાર છે.

(૪) લોધો જનમ ને ગમે થવું જ રાખ આ ભૂમિમાં

(૫) ધીમે ધીમે છટાથી કુસુમરાજ લઈ ડોલતો વાયુ વાય.

(ડ) કોઈ પણ બે અલંકાર ઓળખાવી સમજાવો. **4**

(૧) અખાડામાં જવાના મેં ઘણીવાર અખાડા કર્યા છે.

(૨) સીવી રહી છે જે કાપડું, જીવન સમું એના.

(૩) તારી આંગળીઓ લાવ, તને પહેરાવું તડકાની વીંટી

(૪) દેવોના ધામ જેવું હૈયું જાણે હિમાલય !

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM



(ઢ) (૧) અનુગ અને નામયોગી વચ્ચેનો તફાવત સદ્રષ્ટાંત સમજાવો. **2**

અથવા

(૨) બે અનુગ અને બે નામયોગી તત્વો સદ્રષ્ટાંત સમજાવો.

અથવા

(૩) નીચેના વાક્યોમાંથી નામયોગી ઓળખાવો.

(૧) વિદ્યાર્થી પાટલી પર ઊભો થયો.

(૨) તમારા વડે કામ સફળ થયું.

(ણ) (૧) વિશેષણ એટ્લે શું તે સમજાવી વિકારી તથા અવિકારી વિશેષણ સદ્રષ્ટાંત સમજાવો. **4**

અથવા

(૨) કૃદંત એટ્લે શું તે સમજાવી તેના પ્રકાર જણાવો.

(ત) ક્રિયાવિશેષણોનો ઉપયોગ કરી નીચેનામાંથી કોઈપણ બે વાક્ય ફરીથી લખો. **2**

(૧) અમે આવ્યાં.

(૨) તે દોડે છે.

(૩) તે લખે છે.

(૪) પરીક્ષાખંડમાં પંહોંચી જ્જો.

(થ) કોઈપણ ચાર શબ્દના લિંગ સ્પષ્ટ કરો. **2**

(૧) પાણી

(૨) ટેકરી

(૩) હાથ

(૪) ચિત્ર

(૫) કિનારો

(૬) સિંહ

(૭) જમીન

(૮) આકાશ

(૯) અગ્નિ

---

DOWNLOADED FROM :WWW.IASEXAMPORTAL.COM